# ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ૧૯૭૨–૧૯૭૪ માં ફેરફાર કરવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : મસબ–૨૦૦૦–૧૯૪૯–છ.
સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦–૫–૨૦૦૦

**ઠરાવ** : ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ (સને ૧૯૭૩ ના ૧૯૭૪ની) કલમ–૩૫ ની પેટા કલમ (૩) થી મળેલ સતાની રૂએ ગુજરાત સરકાર માધ્યમિક શિક્ષણ અધિનિયમ– ૧૯૭૩ ની હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૪ માં નીચે ફેરફાર મંજૂર કરેલ છે. :

વર્તમાન વિનિમય ક્રમાંક : ૯(૧૩) (૩) નો સુધારો નીચે મુજબ વાંચવો :

વિનિયમ ક્રમાંક ૯ (૧૩) (૩) વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગ્યાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું ધોરણના ડિવિઝન માં પ્રવેશ આપવાનુ મર્યાદિત રહેશે. પરંતુ વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થી રહેશે.

વધુમા જે વર્ગમાં ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગ્યાઓ, સાધનસામગ્રી હોય તે વર્ગમાં ૬૦ વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે હોય તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી પોતાની વિવેકબુધ્ધિ અનુસાર પ્રવેશ આપી શકાશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, એન.એમ. ચૌધરી**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

## શાળાનાં સત્ર, રજાઓ અને વેકેશનો :

(૧) રજિસ્ટર થયેલી શાળાઓ ઉઘડવાની તારીખ એક સરખી રહે તે માટે બોર્ડ, રાજયમાં બધી શાળાઓ માટે એક સરખી તારીખ નિયત કરશે અને શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં, સમયસર તે માટે હુકમ કરશે.

(૨) રજિસ્ટર થયેલી શાળામાં વેકેશનોના દિવસો સહિત રજાના દિવસોની વધુમાં વધુ સંખ્યા કોઈપણ સંજોગોમાં રવિવાર અને અર્ધી રજાના દિવસો બાદ કરતાં ૮૦ દિવસ કરતાં વધવી જોઈશે નહી.

નોંધ : ( School will be observe extra-ordinary public holidays in excess of 80 days. વધુમાં શાળા (૮૦) દિવસ ઉપરાંત સરકારે વખતોવખત જાહેર કરવી. અસાધારણ રજા પણ પાળશે.

(SER-1077-68138 G, Dt.16/12/77 અને બોર્ડનો તા. ૧૬–૮–૭૬ નો પત્ર)

પરંતુ રજિસ્ટર થયેલી શાળાએ શૈક્ષણિક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ સુધી શિક્ષણ આપવુ જોઈશે, જેમાંથી ૧૯૦ દિવસ કરતા ઓછા ન હોય તેટલા દિવસો આખા દિવસો રહેશે.

(૩) દરેક રજિસ્ટર થયેલી શાળાએ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પાળવાના રજાના દિવસો અને વેકેશનોની યાદી મંજૂરી માટે અધિકારને મોકલવી જોઈએ :

પરંતુ રજિસ્ટર થયેલી શાળા, રાજય સરકાર તરફથી જાહેર થયેલા જાહેર રજાના દિવસો, યાદીમાં સમાવિષ્ટ કરશે.

(૪) રજિસ્ટર થયેલી શાળા સામાન્ય રીતે છ કલાક ચાલશે અને લાંબી અને ટુંકી રિસેસની યોગ્ય જોગવાઈ કરીને, અઠવાડિયામાં પાંચ દિવસ સુધી દરરોજ આશરે પાંચ કલાક શિક્ષણ આપશે અને અઠવાડિયામાં એક દિવસ આવી શાળા રિસેસની યોગ્ય જોગવાઈ કરીને અઠવાડિયામાં બધુ મળી ને સતાવીશ કલાક સુધી શિક્ષણ આપવામાં આવશે.